# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

## સત્સંગ શિક્ષણ પરીક્ષા

## ઉકેલપત્ર : સત્સંગ પ્રાજ્ઞ - દ્વિતીયખંડ

## પ્રશ્નપત્ર - ૨

(સમય : બપોરે ૨ થી ૫) રવિવાર, ૪ જુલાઈ, ૨૦૧૦ કુલ ગુણ : ૧૦૦

(વિભાગ - ૧ : 'પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ', ચતુર્થ આવૃત્તિ, ઓગસ્ટ, ૨૦૦૭ના આધારે)

પ્ર.૧ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર નિબંધ લખો. (કુલ ગુણ : ૨૦)

☞ નોંધ :- જે પ્રશ્નમાં બાર કે તેથી વધુ પ્રસંગો આવતા હોય તેમાં વર્ણનાત્મક અને બે થી ત્રણ લીટીમાં ઉલ્લેખ કર્યો હોય તેવા ઓછામાં ઓછા દસ પ્રસંગો જરૂરી છે.

**૧. નેવાનાં પાણી મોભે.**

૧. ઓદરકાના રામસંગ બાપુ ૧૭૦
૨. તળાજા પંથકના રિશુભા ૧૭૧
૩. ક્રોધી શિક્ષકના ક્રોધનો નાશ ૧૭૨-૧૭૩
૪. વ્યસન છોડાવવાની જડીબુટ્ટી ૧૭૩
૫. અમદાવાદના વ્યસનની યુવાનની સતત ત્રણ વર્ષ સંભાળ લઈ સન્માર્ગે વાળ્યો ૧૭૪
૬. તા. ૧૨-૦૪-૧૯૯૦ના રોજ ઓદરકા અને કુકડ ગામોના અપૈયાનું નિવારણ ૧૭૫

**૨. અનન્ય સમાજસુધારક પ્રમુખસ્વામી મહારાજ.**

૧. સ્વામીશ્રીની દૃષ્ટિએ સમાજસેવા અને સમાજ સુધારણાની ક્ષિતિજો. સમાજ સેવાના કાર્યમાં દેહનો સંપૂર્ણ અનાદર. ૧૩૨
૨. અનેક ક્ષેત્રોમાં મૂઠી ઊંચેરી કામગીરી. ૧૩૩
૩. વ્યક્તિ સુધારણાથી સમાજની પ્રગતિ - મોરબી ડેમ. ૧૩૪
૪. ઈ.સ. ૧૯૮૭ કેટલ કેમ્પ, દુષ્કાળ રાહત કાર્ય - ઈ.સ. ૧૯૭૫ સૌરાષ્ટ્ર દુષ્કાળ, ઈ.સ. ૧૯૭૭ આંધ્રમાં સમુદ્ર હોનારત, ઈ.સ. ૧૯૮૨ સૌરાષ્ટ્રનું વાવાઝોડું તથા ઈ.સ. ૧૯૮૩ રાજકોટ વિસ્તારમાં અતિવૃષ્ટિ. ૧૩૫
૫. ઈ.સ. ૧૯૮૯માં અમેરિકાના ભયંકર ટોર્નેડો (વાવાઝોડું), ઈ.સ. ૧૯૮૫ અનામત આંદોલન, કોમી રમખાણ, ઈ.સ. ૧૯૯૦માં ગુજરાતમાં અતિવૃષ્ટિમાં ફૂડ પેકેટ. ૧૩૬
૬. યુવકની વેરની આગ બુઝાવી - મિત્રોને નિર્વ્યસની કર્યા - મુંબઈના શ્રીમંત કુટુંબમાં સુખદ સમાધાન - માતા પુત્રમાં પુત્રને શિખામણ. ૧૩૭
૭. કુમાર્ગે જતાં યુવાનને સન્માર્ગ - દહેજ નાબૂદી. ૧૩૮, ૧૩૯
૮. સમૂહ લગ્નના હિમાયતી-બાળ કેળવણી સાથે સાથે યુવાનોના ઘડતર માટે સંસ્થાઓ, છાત્રાલયો સ્થાપ્યાં. ૧૪૦-૧૪૧
૯. ભારતીય સંસ્કાર અને માતૃભાષાના હિમાયતી. ૧૪૧, ૧૪૨
૧૦. વૃક્ષારોપણ, ઈ.સ. ૧૯૮૧ જ્ઞાતિભાવની સંકુચિતતાની નાબૂદી. ૧૪૨
૧૧. અસ્પૃશ્યતા નિવારણ - આદિવાસી ઉત્કર્ષ - વ્યસન મુક્તિ ૧૪૩ થી ૧૪૭
૧૨. વ્યક્તિગત માર્ગદર્શક. ૧૪૭ થી ૧૫૦

**૩. આદર્શ શિષ્ય પ્રમુખસ્વામી મહારાજ.**

૧. શાસ્ત્રીજી મહારાજના પત્રથી સાધુ થવા માટે પ્રયાણ. ૬
૨. શાસ્ત્રીજી મહારાજના વચને અંગ્રેજી ભણવાની ઈચ્છા મૂકી દીધી. ૧૮-૧૯
૩. યોગીજી મહારજની સાથે શાસ્ત્રીજી મહારાજે રાખ્યા. પોતાની ઈચ્છા શાસ્ત્રીજી મહારાજ સાથે વિચરણમાં જવાની હતી છતાં ગુરુનું વચન ઝીલી લીધું - ગોંડલમાં સેવા. ૨૧
૪. શાસ્ત્રીજી મહારાજે ચાદર ઓઢાડ્યા બાદનું પ્રમુખસ્વામીનું પ્રવચન. ૨૭
૫. બધો યશ ગુરુવર્યને સમર્પિત - પોતાના મહત્ત્વને કચડી નાખ્યું. ૩૯
૬. પ્રગટ ભગતની પૂજામાંથી પોતાનો ફોટો કાઢી નાખ્યો. ૩૯

૭. ગોંડલ હાઈસ્કૂલના નામ સાથે યોગીજી મહારાજનું નામ. ૪૦
૮. ગુરુના પરિશ્રમને સંતો - હરિભક્તોમાં તાદશ્ય કરાવતા - બ્રહ્મપ્રકાશ સ્વામીને પોટલા સાથે વૉકિંગ. ૪૦,૪૧
૯. ગુરુ અને સંસ્થાની સેવા કરનારનો મહિમા. હર્ષદભાઈ ચાવડા - ત્રિભાકાકા ૪૨
૧૦. ગુરુની આજ્ઞાથી ચૂનાની ભઠ્ઠી ખાલી કરવાના કાર્યમાં જોડાયા. ગુરુની ઈચ્છા જાણી ભક્તચિંતામણી સંભળાવવા માટે અનેક મુશ્કેલીઓ વેઠીને અટલાદરાથી સારંગપુર પધાર્યા. ૪૩
૧૧. ‘યોગીજી મહારાજને મારી જગ્યાએ ગણજો.’ શાસ્ત્રીજી મહારાજના શબ્દો ક્યારેય અળગા કે ઓઝલ કર્યા નથી. ૪૪
૧૨. નિંગાળા મૂર્તિ પ્રતિષ્ઠા વખતે યોગીજી મહારાજની ગોંડલ જવાની આજ્ઞા. ૪૫
૧૩. યોગીજી મહારાજનો અમૃત મહોત્સવ ગોંડલમાં. ૪૫ થી ૪૭
૧૪. વરસોડામાં આખી બપોર ગુરુ ભક્તિમાં જાગૃત. ૪૭
૧૫. રાજકોટમાં યોગીજી મહારાજને રસોઈ કરી જમાડ્યા. ૪૮

**પ્ર.૨ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર મુદ્દાસર નોંધ લખો. (કુલ ગુણ : ૨૦)**

**☞ નોંધ : વર્ણનાત્મક અને બે થી ત્રણ લીટીમાં પ્રસંગના ઉલ્લેખ સાથે ઓછામાં ઓછા પાંચ પ્રસંગો હોવા જરૂરી છે.**

**૧. દાસભાવ - સ્વામીશ્રીની જીવનશૈલી (૮૫)**

૧. સાધુ થયા ત્યારથી જ દાસભાવે ગોંડલ મંદિરમાં સફાઈની સેવા, મંદિરના બાંધકામની સેવા વગેરે, યોગીજી મહારાજની સાથે કરતા. ૨૧
૨. પ્રમુખ તરીકેની વરણી થયા પછી તરત જ હરિભક્તોના એઠાં વાસણ ઉટક્યા. ૨૯
૩. સંત સ્વામીને દંડવત્ કરે. ૩૪
૪. સૌરાષ્ટ્રના વિચરણ વખતે એક હરિભક્તની નવી ઘંટીમાં પાલો બાજરો દળી આપ્યો. ૬૫-૬૬
૫. પધરામણીએ ન જઈ શકે તો પત્ર કે ફોન પર માફી માંગી લે. ૭૪
૬. હિંદુ ધર્મના મોટા આચાર્યના જમણા અંગૂઠાનું સ્વામીશ્રીએ પૂજન કર્યું. આપણે તો સદા સેવક જ રહેવું. ૮૪
૭. રોમફર્ડના શ્રી પરમારની માફી માંગી - પોતાની ભૂલ ન હતી છતાં શ્રી પરમારના પત્રના જવાબમાં માફી માંગતો પત્ર લખ્યો. માફી માગવી એ પણ એક દાસભાવ છે. ૮૪
૮. ગોંડલમાં તેમના નિર્ધારીત આસન પર બીજા મહંત બેઠેલા સ્વામીશ્રી નીચે બેસી ગયા. ૮૫
૯. પ્રગટ ભગતની ટિકીટના બે રૂપિયા માટે ડબ્બે ડબ્બે ફર્યા. દાસના પણ દાસ પ્રગટ ભગતના ધોતિયા ધોઈ નાખ્યાં - ગોંડલમાં પૂરી વણવા બેઠા - કોલકત્તામાં પૂરી તળવા બેઠા - જળઝીલણીના સમૈયા પછી સંડાસ સાફ કર્યાં. ૮૬
૧૦. એક પત્રના સંદર્ભમાં સ્વામીશ્રીએ લખ્યું : I am Brahma, Akshar, Shreeji Maharaj's Das. ૧૮૦

**૨. ‘નિષ્કામી તે નારાયણરૂપ છે.’**

૧. નિષ્કામી વર્તમાન સૌથી મહત્વનું. - શ્રીજીએ બાંધેલા પંચવર્તમાનના નિયમ-ધર્મમાં બાંધછોડ નહિ. ૭૬
૨. ઈશ્વર પેટલીકરનો મત - સ્વામીશ્રીનો ધરાર ઈન્કાર પંચ વર્તમાનએ આપણી શોભા - સ્વામીશ્રીનો સ્પષ્ટ અભિપ્રાય. ૭૬
૩. ગઢપુરમાં નાની બાળકીનો અજાણતા સ્પર્શ - વસ્ત્ર સહિત સ્નાન - નિર્જળા ઉપવાસ ૭૬-૭૭
૪. દાદર પુલ પરથી પસાર થતાં - અજાણતાં પોતાનું વસ્ત્ર સ્ત્રીને અડી ગયું છે તેવી શંકા - છતાં નિર્જળા ઉપવાસ ૭૭-૭૮
૫. મોતિયાના ઓપરેશનમાં સ્ત્રી-નર્સ સ્પર્શ ન કરે. પુરુષ નર્સ તથા પુરુષ ડૉક્ટર દ્વારા જ સારવારનો આગ્રહ ૭૮
૬. સ્ત્રીઓ પ્રત્યે તિરસ્કાર નથી. - મહિલા હરિભક્તોની ભક્તિની સરાહના - છતાં મહારાજના આપેલ નિયમનું સારધાર અણીશુધ્ધ પાલન. ૭૮-૭૯

**૩. ‘બાળસ્નેહી રે ... મોહન મુજને ગમતા’ : ત્રણ પ્રસંગો.**

૧. બાળકો માટે ખૂબ જ ભાવ અને પ્રેમ - શ્વેતાશુંને તિલક ચાંદલો કરી આપ્યો અને અરીસો ધર્યો - બાળક રાજી, સાથે પોતે પણ હસી પડ્યા - બાળકો ખૂબ જ પ્રિય. તેથી તેમનામાં રસ લે. બાળકોની દરેક પ્રવૃત્તિમાં ખૂબ જ આત્મીયતાથી જોડાય ૧૨૫
૨. કાલા ઘેલા, ગાંડાઘેલા પ્રશ્નો પૂછાય, ઉચ્ચારો બાળકોના કાલાઘેલા ન સમજાય છતાં નિરાશ ન કરે.
૩. કોઈ બાળક ચોકઠું જોવા માંગે, કોઈ ઓપરેશન કરાવેલ કાપો જોવા માંગે તો સહજતાથી બતાવે. ૧૨૫

૪. ભાવનગરમાં વીસ હજાર ભક્તોની મેદની - મોડું થયું હતું છતાં આશીર્વાદ લખી આપવાની બાળકની ઈચ્છા પૂર્ણ કરી. ૧૨૬
૫. બેંગ્લોર સ્ટેશને ઉપડતી ટ્રેનના સમયે બાળકને સહી કરી આપી. ૧૨૬
૬. બાળકનું મન સાચવી લેવાની કાળજી - રીક્ષામાં પધરામણીએ જતી વખતે બાળકના ઘેર પધારી તેની ઈચ્છા પૂરી કરી હતી. ૧૨૬
૭. સ્વામીશ્રી પોતાનું આસન ઊંચુ હોય તો બાળક માટે પોતાનું આસન નીચું કરાવે. ૧૨૭
૮. નાપાસ થનાર દિપક નામના બાળકને કાગળ લખીને આશ્વાસન આપ્યું. ૧૨૭
૯. ઉકાઈમાં સંસ્થા તરફથી ચાલતા છાત્રાલયમાં બાળકોના સ્વાસ્થ્ય માટે રાખેલ. પલંગ, પાથરણા, તેમને અપાતો ખોરાક, દૂધ બધા માટે ભલામણ કરે. ૧૨૭
૧૦. સ્વામીશ્રીનું નિર્વ્યાજ વાત્સલ્ય બાળકો પર વરસતું જ રહે છે. ૧૨૮
૧૧. બાળમંડળમાં જતાં બાળકોની ટકોરથી દક્ષિણ ગુજરાતના એક ભાઈનું પરિવર્તન. ૧૨૯
૧૨. કરણનગરના મહેશના ઉપવાસથી પિતાનું વ્યસન છૂટ્યું. ૧૨૯-૧૩૦
૧૩. અંબેરાવપુરાના બાળકના પ્રયત્નથી પિતાને સત્યવાત સમજાતાં દારૂની ભઠ્ઠી બંધ કરી. ૧૩૦
૧૪. બાળકોના માતાપિતાને પણ બાળ સંસ્કારની પ્રેરણા આપતા સ્વામીશ્રી. ૧૩૧

**૪. અંતસમયના બેલી સ્વામીશ્રી.**

૧. જીટોડીયાના ઈશ્વરભાઈને દર્શન દેવા પધાર્યા. ૫૨
૨. કલકત્તાના રાજેન્દ્ર અજમેરાની અંતિમવિધિમાં જોડાઈ બોલ્યા. 'અમારો ને એનો આત્મા એક થઈ ગયો.' ૫૫
૩. મુંબઈના દોલતભાઈની માંદગી સમયે ગોંડલથી પ્લેન દ્વારા મુંબઈ પહોંચી તેઓને અંતકાળે દર્શન દીધાં. ૫૬
૪. 'ભૂતનાથ' પાડાના મરણના સમાચાર સાંભળી તપોધન ભગત અને આરુણી ભગતને લખેલો આશ્વાસન પત્ર. ૫૬
૫. મુંબઈમાં છેલ્લા શ્વાસ લેતાં ત્રિગુણભાઈ ભટ્ટને મળી ન શકાયું તો પત્ર લખ્યો અને માફી માંગી. ૬૩
૬. મણિભાઈ સલાડવાળાને કાંધ આપવા, અગ્નિસંસ્કાર માટે મુશ્કેલીઓ વેઠીને પણ પહોંચી ગયા. ૬૯
૭. પાલિતાણા મંદિરમાં સેવા કરતા જીકૂબાને દીવ્ય સ્વરૂપે હાજર રહ્યા. ૭૯
૮. મોજીદડના રામભાઈને કેન્સર - અંતિમ ઈચ્છા સ્વામીશ્રીનાં દર્શન કરવાની - સ્વામીશ્રી દર્શન દેવા પહોંચી ગયા. દસ દિવસે ધામમાં ગયા. ૧૬૭
૯. મુંબઈના સુરેન્દ્રભાઈ દલાલનો પ્રસંગ. ૧૬૮-૧૬૯
૧૦. શ્રી સી.ટી.પટેલ દ્વારા તેમના અંત અવસ્થા ભોગવતા પુત્ર સુરેશને સંદેશો મોકલ્યો. ૧૬૯

**(વિભાગ - ૨ : 'અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી'ના વિસ્તૃત જીવનચરિત્ર નવમી આવૃત્તિ, માર્ચ, ૨૦૦૬ ના આધારે)**
**(ભાગ - ૧ : પા. નં. : ૧ થી ૫૫૧, પરિશિષ્ટ - ૩ પા. નં. ૫૮૩ થી ૫૯૯, ભાગ - ૨ : પા. નં. ૨૭૯ થી ૪૧૭, પરિશિષ્ટ - ૧ પા. નં. ૪૧૮ થી ૪૩૦, પરિશિષ્ટ - ૩ પા. નં. ૪૫૫ થી ૪૬૪, પરિશિષ્ટ - ૪ પા. નં. ૪૬૫ થી ૪૭૩)**

**પ્ર.૩ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર નિબંધ લખો. (કુલ ગુણ : ૨૦)**

**☞ નોંધ : વર્ણનાત્મક અને બે થી ત્રણ લીટીમાં ઉલ્લેખ કર્યો હોય તેવા ઓછામાં ઓછા દસ પ્રસંગો જરૂરી છે. દરેક પ્રસંગના ૨ ગુણ આપવા.**

**૧. ગુણાતીતાનંદ સ્વામીના જીવનમાં સેવાભાવના.**

૧. સૂરતમાં નિત્ય ઝોળી માંગવાની સેવા ૧/૮૪
૨. સૂરતથી ગઢડા ચાલીને મહારાજ માટે અથાણું અને બરફીની માટલી લઈને ગયા. ૧/૮૬,૮૭
૩. કારિયાણીમાં માંદા સાધુની સેવામાં. ૧/૧૦૨
૪. આત્માનંદ સ્વામીની સેવામાં. ૧/૧૦૪
૫. અક્ષર તો આ લોકમાં પણ અમારી સેવામાં છે.(વરસાદમાં મહારાજ ઉપર ધાબળો ધર્યો.) ૧/૧૧૧
૬. ધરમપુર જતાં દેવાનંદ સ્વામીની સેવામાં ૧/ ૧૧૪
૭. વિશ્વરૂપાનંદ સ્વામીની સેવામાં ૧/ ૧૨૫-૧૨૬
૮. અઢાર માંદા સાધુની સેવામાં (વરતાલ) ૧/ ૧૩૭
૯. રોઝા ઘોડાની આગળ દોડી મહારાજને સૂવા માટે વસ્ત્ર પાથરી તૈયાર કર્યું. ૧/ ૧૪૪

૧૦. મહારાજની અંતિમ માંદગીમાં જૂનાગઢ જતાં પહેલાં ઊના પાણીથી મહારાજને નવરાવ્યા. ૧/૧૯૪
૧૧. ગોપાળાનંદ સ્વામીનો સિગરામ હાંક્યો. ૧/૨૭૭
૧૨. જૂનાગઢમાં પાળાઓ સાથે દાતરડું લઈને પોતે પણ નીંદવા લાગ્યા ૧/૨૯૧
૧૩. બગસરાના હરિભક્તોને સારી રીતે જમાડ્યા. ૧/૪૮૬
૧૪. શું સંકલ્પ કરે છે ? ચાલ જમવા, ખવાસને પીરસ્યું. ૧/ ૫૩૧
૧૫. ખંભાતમાં રઘુવીરજી મહારાજને ચમર ઢોળે છે. ૧/૫૫૧

**૨. આ લોક તથા પરલોકના ભોમિયા ગુણાતીતાનંદ સ્વામી.**

૧. ઊગાખુમાણને ઘેર દીકરો થાય અને દરબાર સત્સંગી થાય. ૧/૧૦૬,૧૦૭,૪૧૯
૨. આખાના સવજી મહેતા સત્સંગી થાય છે. ૧/૨૩૦
૩. મૂંજા સૂરુનું પરિવર્તન. ૧/૩૦૫
૪. વાલેરા વરુને- 'અમે તો ભગવાન ભજીએ અને બીજાને ભગવાન ભજાવીએ છીએ. ૧/૩૦૮, ૩૧૧
૫. ભજન કરતાં ક્રિયા કરો. - પથ્થર ઘડવાની સેવા કરતાં જાગા સ્વામીને. ૧/૩૪૨
૬. જીવ શુધ્ધ કેમ થાય ? - વંડાની જમીન ચોખ્ખી કર્યાની વાત- પૃથ્વી કાળે કરીને શુધ્ધ થાય, દ્રવ્ય દાને કરીને શુધ્ધ થાય, તેમ જીવ સત્પુરુષને અર્પણ કરવાથી શુધ્ધ થાય. ૧/૪૩૧
૭. આજ સુધી મન ધાર્યો વહેવાર કર્યો એટલે કરજ શાનું આળસે ? જાળિયાના અરજણ બાબરિયાને ૧/૪૩૯
૮. જ્ઞાનની ગાંસડીઓ પાછી લઈ ગયા. મફતમાં લૂગડાં આપ્યાં.- પાત્ર કુપાત્ર વિચાર્યા વિના જ્ઞાનનો પ્રચાર - વૃતિનો નિરોધ- વાસનાનો નાશ- બ્રહ્માકાર વૃતિ- પોતાના સ્વરૂપનો નિત્ય અભ્યાસ. ૧/૪૫૬,૪૫૭
૯. ઝોકની લાજ. ૧/૪૬૭,૪૬૮
૧૦. 'આ તો કાચું સોનું પાકે તેવી જમીન છે.' - થાણાગાલોલના જસા ગોરને. ૧/૪૭૦-૪૭૧
૧૧. બજારના કાંટા ૧/૪૮૨
૧૨. અહીં બેઠા લોધિકાનું કામ નહિ થાય.-દરબાર અભેસિંહને ૧/૪૮૩
૧૩. બાઉદ્દીનને આશીર્વાદ ૧/૪૮૫
૧૪. અમારું કામ તો જીવનો આત્યંતિક મોક્ષ કરવો અને તેને મહારાજની મૂર્તિમાં જોડવો તે છે. ૧/૪૮૬
૧૫. નાગર હરિભક્તનો રસાસ્વાદ ટાળ્યો. ૧/૫૦૩
૧૬. કલાભાઈનું કરજ ચુકાવવાની વાત કરી, પોતાની સાથે ભગવાન ભજવા સાથે આવવાની વાત કરી. ૧/૫૨૩
૧૭. જમવાના સંકલ્પ કરતા ખવાસને જમાડી તેનું કલ્યાણ કર્યું. ૧/૫૩૧,૫૩૨
૧૮. છે તો બેઉ કૂવા - સત્સંગીની કન્યા છોબંધ કૂવો, કુસંગીની કન્યા વાસના નહિ રહેવા દે. ૧/૫૧૦

**૩. ગુણાતીતાનંદ સ્વામીના હરિભક્તોની સ્થિતિ.**

૧. બેચરભાઈ જૈન- 'તમારો અપાસરો તમારી પાસે રહ્યો.' જૈન પદનો ત્યાગ.' ૧/૨૨૨
૨. ધાર્યું તો એક સ્વામિનારાયણ ભગવાનનું જ થાય છે, માટે અમથી બીક બતાવવાનું રહેવા દ્યો.'- ઉપલેટાના લાલાભાઈ ઇન્દ્રને. ૧/૨૭૮
૩. 'મને તો સિધ્ધોના પણ સિધ્ધ મળ્યા છે.' લોધિકાના દરબાર અભયસિંહ-દેહાખાચરને. ૧/૨૮૭
૪. 'પ્રગટ પ્રભુને મેલીને હું પરોક્ષનો ઉધારો રાખતો નથી. તમારે જેમ ફાવે તેમ કરો.'- વાલેરા વરુ - જ્ઞાતિજનોને. ૧/૩૧૩
૫. 'તમે ઉડાડશો મા, ભલે ઠોલે.' - રાધા ભગત. - દીકરાઓને. - રેંથળના ગોંવિંદ ભક્તની નિરાવરણ દૃષ્ટિ ૧/૩૮૯
૬. ચાર હરિભક્તોના દર્શને જવાની આજ્ઞા સ્વામીશ્રીએ કરેલી આજ્ઞા ૧/૪૦૬
૭. 'ગુણાતીતની ઝોક જ જુદી હોય તેમ લાગે છે.' શુક સ્વામી ૧/૪૦૮
૮. 'અમારા હૈયાની આંટીયું બધી સ્વામીએ કાઢી નાંખી છે. આ તો અમારા દેશનો પહેરવેશ છે.' નારણ ભગત - આત્માનંદ સ્વામીને ૧/૪૯૧
૯. 'ત્યારે તો તમે ગુણાતીતાનંદ સ્વામીના શિષ્યો ખરા' વિધાત્રાનંદ સ્વામી - ઉપલેટા ને જાળિયાના હરિભક્તોને. ૧/૪૯૬
૧૦. 'આ ભગતને તો ભગવાને ઘણીવાર હાથોહાથ હાર આપ્યા છે અને માથે હાથ મૂક્યા છે.' - કાળસરીના હીરા ભગત - ગામના વાણિયાને. ૧/૫૨૮
૧૧. 'અહીં બધું છે તેની ના નથી પણ અહીં ગુણાતીત છે ?' - જગુભાઈ - ગઢડાના કોઠારીને ૧/૫૪૩
૧૨. ભાયાવદરના વસ્તા ભગતનો તીવ્ર વૈરાગ્ય ૧/૫૫૮
૧૩. 'તમે સૌ આ શું બોલો છો ? સ્વામીને આ રીતે ઠપકો આપવો અને અસભ્ય રીતે બોલવું તેમાં તમારી લાયકાત છે ?' સીંજીવાડાના પ્રભુદાસ-વરતાલમાં સ્વામીશ્રીનું અપમાન સમયે નીડરતાપૂર્વ રાખેલો પક્ષ ૨/૨૮૪

૧૪. 'માતાજીએ સારી સમજણ લીધી તે ઠીક થયું, નહીં તો માતાજીને ગામ બહાર જાવું પડત.'
- વાગુદડના દરબાર ભાણાભાઈ. ૨/૩૦૦

૧૫. 'હું ફર્યો જ નથી પણ આપણો સૂરજ ફર્યો છે.'- વાગુદડના દરબાર ભાણાભાઈ - માતાને ૨/૩૦૦

**પ્ર.૪ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર ટૂંકનોંધ લખો. (કુલ ગુણ : ૨૦)**

**☞ નોંધ : જે પ્રશ્નમાં વધારે પ્રસંગો આવતા હોય તેમાં વર્ણનાત્મક અને બે થી ત્રણ લીટીમાં પ્રસંગના ઉલ્લેખ સાથે પાંચ પ્રસંગો આપવા જરૂરી છે. દરેક પ્રસંગના ૨ ગુણ આપવા.**

**૧. માન - અપમાનમાં સ્થિર ગુણાતીતાનંદ સ્વામી.**

૧. વડતાલવાળા બોલ્યા વિના રહેશે નહી ને તારાથી તે ખમાશે નહી. માટે તું અહીં જ રહે. - સ્વામીશ્રી પ્રાગજી ભક્તને. ૨/૨૭૯

૨. સ્વામી તો મંદિર ઉજ્જડ કરીને વાડીએ ગયા છે. - ભીમજી કોઠારી. ૨/૨૮૧

૩. તમે જૂનાગઢ પાછા જાવ. મારું અપમાન થશે તે તમારાથી પણ ખમાશે નહી. -સ્વામીશ્રી જાગાભક્તને ૨/૨૮૧

૪. કરુણાનંદ બ્રહ્મચારી :- આ ગુણાતીતાનંદ સ્વામીની લોકો ભગવાનની જેમ પૂજા કરે છે. તેમને કેમ કોઇ કંઇ કહેતું નથી ? ૨/૨૮૪

૫. મને કોઇ શુકજી કહેશો નહિ. સ્વામી ! તમને બધા અક્ષર માને છે તે તમે અક્ષર મનાવશો નહિ. - શુકમુનિ. ૨/૨૮૪

૬. પ્રભુ તો એક શ્રીજી મહારાજ છે તેથી કોણે ય પ્રભુ થવાશે નહી. -સ્વામીશ્રી ૨/૨૮૪

૭. સભામાં મોટાનું અપમાન થાય છે તેથી ઘણાનું ભૂંડું થશે. - શાસ્ત્રી બળરામદાસજી આચાર્ય મહારાજને ૨/૨૮૪

૮. સ્વામીને આ રીતે ઠપકો આપવો અને અસભ્ય રીતે બોલવું તેમાં તમારી લાયકાત છે ? - સીંજીવાડાના પ્રભુદાસ. ૨/૨૮૪

૯. હળદી જરદી નવ તજે '....... શુકમુનિના સાધુને સ્વામીશ્રીએ હાર પહેરાવ્યો. ૨/૨૮૫

૧૦. સદ્‌ગુરુ સંતોએ સ્વામીશ્રીનું કરેલું પૂજન. ૨/૨૮૫

૧૧. સ્વામી ! અમારું બોલ્યું માફ કરજો. - શુક સ્વામી. ૨/૨૮૫

૧૨. પ્રાગજીને વિમુખ કરવાનો તો મેં ઠરાવ કર્યો છે. ૨/૨૮૬

૧૩. આ ફેરે વરતાલવાળાએ બહુ કરી. - કેશવલાલ શેઠ બોટાદ. ૨/૨૮૯

૧૪. તમારી તેમણે ખોટ પડવા દીધી નથી માટે તે વાત હવે જવા દો. - સ્વામીશ્રી સિદ્ધાનંદ સ્વામીને. ૨/૨૮૯

૧૫. માધવ ! જેમ છોંતેરાનો મે વરસે તેમ શબ્દના કરા પડયા - સ્વામીશ્રી ૨/૨૯૦

૧૬. એ તો હું સહન કરું પણ જગતના જીવથી સહન ન થાય. ૨/૨૯૦

૧૭. પવિત્રાનંદ સ્વામીનો પ્રબંધ. ૨/૩૩૪

૧૮. અમને ભગવાન કહેશે તે ગધેડો લેખાશે. ૨/૩૩૬-૩૩૭

૧૯. અપમાન સંબંધી શબ્દ પણ પોતાની વાતમાં આવવા દીધો નહીં.
- સ્વામી ! મારું બોલ્યું માફ કરજો. ગોપાળજીદાદા ૨/૩૩૭

**૨. જૂનાગઢ મંદિરની સેવા કરતા સંતોની સંભાળ લેતાં સ્વામીશ્રી.**

૧. વાંસ કાપવા ગયેલા સંતોની શોધમાં સ્વામીશ્રી. ૧/૧૮૬

૨. શિવાનંદ સ્વામીને બતાવેલી મહારાજની ચરણરજ. ૧/૧૮૭

૩. સાધુની ફરિયાદ સાંભળી મહારાજે કહેલો સ્વામીનો મહિમા. ૧/૧૮૭

૪. ડુંગરામાં વાંસ કાપવા જતાં સંતોને પાણી પીવાની અડચણ. ૧/૧૮૯

૫. 'આંહી તો આખો ડુંગરો પાણીથી ભરેલો છે.' - સ્વામીશ્રીએ બતાવેલું પાણી. ૧/૧૮૯

૬. ભૂખ તો એવી લાગી છે કે ઊભા રહેવાતું નથી અને ફેર આવે છે. - સ્વામીશ્રીના પ્રશ્નનો સંતોએ આપેલો જવાબ. ૧/૧૮૯

૭. આકાશમાંથી લંગડો બ્રાહ્મણ સાધુઓ માટે ખાવાનું લાવ્યો. ૧/૧૯૦

૮. મહારાજે દીધેલાં દર્શન. - ખાવાની વસ્તુઓ પ્રસાદીની કરી આપી. ૧/૧૯૦

૯. ઉપરોક્ત પ્રસંગની દ્વેષી સાધુઓ દ્વારા મહારાજ આગળ રજૂઆત. - સાધુઓને મહારાજનો ઠપકો.
'તમા બધાય આંધળા હતા ? મારો પણ વિશ્વાસ તમને ન આવ્યો ?' ૧/૧૯૦

**૩. ગુણાતીતાનંદ સ્વામીની ઉપદેશની શૈલી અને વિશેષતા**

૧. ઉપાસનામાં ગુડિયું ન વાળે ૧/૨૬૪

૨. બ્રહ્મકુંડવાળી વાત - રાધિકાજીને પ્રભુ પામવાનો ઈશક - મોટી પદવી પામ્યા પછી પણ અંતરના દોષ ન ટળ્યા, ને વિરજાને વઢ્યા, ગુણના ભાવ ન ટળ્યા. ૧/૨૮૯
૩. પશ્ચાતાપથી પાપ બળે છે. ૧/૩૦૧
૪ ભજન કરતાં કરતાં ક્રિયા કરો. - છાજના કૂબાની વાત ૧/૩૪૨
૫. હજુ ગુરુ જ ક્યાં કર્યા છે? વરતાલ છાવણીમાં- શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનરૂપી વત્સને પાયેલું ગીતામૃત - જે સામા ધાવ્યા હોય તે ગુડિયું વાળે જ નહિ. ૧/૩૬૯
૬. માણસ છે તે જનાવરનું ખાણું ખાય તે કેવું ? રામા હાટીને આપેલો ઉપદેશ. ૧/૩૯૩
૭. જીવ શુધ્ધ કેમ થાય ? - વંડાની જમીન ચોખ્ખી કર્યાની વાત- પૃથ્વી કાળે કરીને શુધ્ધ થાય, દ્રવ્ય દાને કરીને શુધ્ધ થાય, તેમ જીવ સત્પુરુષને અર્પણ કરવાથી શુધ્ધ થાય. ૧/૪૩૧
૮. ‘વરું તો ભગવાનને વરું નીકર જીભ કરડીને મરું.’ મેલીને ઊજળી કરવાની હતી પણ મુમુક્ષતા જ ન મળે. તે પ્રસંગ પર જાગાસ્વામી સાથેનો સંવાદ. ૧/૪૪૭,૪૪૮
૯. પ્રાપ્તિનો મહિમા – જીવના મનોરથ. રાવણનું એક લાખ વર્ષનું આયુષ્ય છતાં અધૂરા રહેલા સંકલ્પ. ૧/૪૫૧,૪૫૨
આત્યંતિક મોક્ષ -આખી જિંદગી એવું કામ કરી લેવું જેથી ભગવાનના ધામમાં જવાય. ૧/૪૫૨
૧૦. જ્ઞાનની ગાંસડીઓ પાછી લઈ ગયા. મફતમાં લૂગડાં આપ્યાં.- પાત્ર કુપાત્ર વિચાર્યા વિના જ્ઞાનનો પ્રચાર.- વૃતિનો નિરોધ- વાસનાનો નાશ- બ્રહ્માકાર વૃતિ- પોતાના સ્વરૂપનો નિત્ય અભ્યાસ. ૧/૪૫૬,૪૫૭
૧૧. ઝોકની લાજ. ૧/૪૬૭,૪૬૮
૧૨. તમારું હૈયું ધગી ગયું છે. લાખ મણ લોઢાની લોઢીને ટાઢી પાડવાની રીત. ૧/૪૭૯,૪૮૦
૧૩. આત્માનો આશ્રમ તો બ્રહ્મ છે. ૧/૪૫૮
૧૪. બજારના કાંટા ૧/૪૮૨
૧૫. ‘આ સાધુ ધક્કા મારી ધામમાં લઈ જશે. ૧/૪૯૧
૧૬. સાંખ્ય દર્શનની વાત-દેહના સ્વરૂપની વાત ૧/૪૯૨
૧૭. છે તો બેઉ કૂવા. - સત્સંગીની કન્યા છીબંધ કૂવો, કુસંગીની કન્યા વાસના નહિ રહેવા દે. ૧/૫૧૦
૧૮. જીવના હ્દયમાં પણ બૂડઠૂંઠા હોય છે ૧/૫૫૨
૧૯. આ ગિરનારમાં જેટલાં ઝાડ છે તેટલા કલ્પવૃક્ષ ૧/૫૬૮
૨૦. સત્પુરુષનો હેડો થયો છે ૨/૨૯૧
૨૧. વાસના રહેશે તો સર્પ થાવું પડશે. ૨/૨૯૪
૨૨. મનુષ્યના ધર્મ ન પળાય તો તે પશુ જ છે. ૨/૩૮૨

**૪. બાળ મૂળજીની અલૌકિક સ્થિતિ.**

૧. મૂળજીના ભેગા ઠાકોરજી જમે છે. (દૂધનો પ્રસંગ) ૧/૨૦-૨૧
૨. અયોધ્યામાં મારા પ્રભુને જનોઈ દેવાય છે. માટે જનોઈના ગીત ગાઓ. ૧/૨૧
૩. કોઈ ઘરડા ભગવાન ભજતા નથી. ૧/૨૨-૨૩
૪. ‘હું તમને તે પુરુષોત્તમનારાયણ આપું’.-વસ્તા પટેલને આશીર્વાદ (જમવાના પ્રસંગે) ૧/૨૩
૫. હું તો ધામ જોવા ગયો હતો.(મોડે સુધી સૂતેલા મૂળજીને જગાડતાં મૂળજી સાકરબાને કહે છે. ) ૧/૨૪
૬. મૂળજી અને બાલમુંકુદની મૂર્તિ બંન્નેને એક સાથે ઓડકાર (ખેતરેથી પાછા આવી સાકરબાએ મૂળજી દૂધ પીધું તેવું પૂછ્યું ત્યારે થયેલો અનુભવ) ૧/૨૪
૭. મૂળજીએ ભાદરામાં ઉજવેલ ફૂલદોલ ઉત્સવની ઉજવણીમાં બાલમુંકુદની મૂર્તિમાંથી નીકળેલા પ્રકાશનો મૂળજીમાં પ્રવેશ. ૧/૨૫
૮. અમારા ઘડપણ સામું ભગવાને જોયું. તને સાજો-નરવો પાછો આપ્યો.(મૂળજીને થયેલા ગુંમડા વખતે મહારાજે દર્શન દીધાં તે વખતે ) - મનુષ્યને માથે જન્મ ..... અક્ષરધામ છીએ. ૧/૨૬-૨૭
૯. જે વિદ્યાનો લેશ આ બહ્માંડમાં પણ નથી એ પરાવાણી હું ભણ્યો છું. -(ઉપવીત સંસ્કાર વખતે ) ૧/૨૭
૧૦. મૂળજી અને લાલજીને સમાગમનો મહિમા. ૧/૨૯
૧૧. ભાગવત કથાકાર પીતાંબર ભટ્ટને મૂળજીમાં શ્રીકૃષ્ણના દર્શન- ઘેર બેઠાં ગંગા. ૧/૩૦
૧૨. દેવા પટેલને સમાધિમાં ધામોના દર્શન( ભોળાનાથના કારજનો પ્રસંગ) ૧/૩૧
૧૩. હું ભગવાનને અખંડ દેખું છું. ૧/૩૨

## (વિભાગ - ૩ : નિબંધ : સામાન્ય જ્ઞાન)

**પ્ર.૫ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર નિબંધ લખો. (કુલ ગુણ : ૨૦)**

**☞ નોંધ :- નિબંધ એ મૌલિક વિષય છે, તેનાં ઉપર આપેલ મુદ્દા ઉપરાંત બીજા ઘણાં પાસા આવરી શકાય છે. જેવા કે મૌલિક્તા, સંપ્રદાય તથા અન્ય સંપ્રદાય વિષયક જ્ઞાન, કથાવાર્તાને આધારે વિષય વસ્તુની વિશેષ છણાવટ, અન્ય આધારભૂત સાહિત્યનો સહારો વિગેરે મુદ્દાઓનો સમાવેશ થઈ શકે છે.**

૧. **બી.એ.પી.એસ.માં અધ્યાત્મ અને વિજ્ઞાનનો સુભગ સમન્વય :** (૧) બી.એ.પી.એસ. સંસ્થા એક આધ્યાત્મિક સંસ્થા - સામાન્ય રીતે આધ્યાત્મિકતા સાથે વિજ્ઞાનનો સમન્વય સંભવે જ નહિ કારણ આ બંને અંતિમ બિંદુ. (૨) પરંતુ બી.એ.પી.એસ. સંસ્થા આધ્યાત્મિક છે છતાં પણ સાથે સાથે વિજ્ઞાનનો તેમાં સુભગ સમન્વય સધાયેલ છે. (૩) ઈલેક્ટ્રીક ઉપકરણો તેમજ અન્ય માધ્યમો દ્વારા દેશ-પરદેશનાં કેન્દ્રોમાં સુંદર નેટવર્ક ગોઠવાયું છે. (૪) સ્વામીશ્રીનો સંદેશો નાનામાં નાના કેન્દ્ર સુધી વૈજ્ઞાનિક ઉપકરણો દ્વારા પહોંચાડી શકાય તેવી વ્યવસ્થા - પ્રસંગો - ભૂકંપ હોય, સામાજિક આપત્તિ હોય કે અન્ય સંસ્થાના અન્ય સંદેશા એ વૈજ્ઞાનિક માધ્યમથી પહોંચાડી શકાય છે. (૫) સત્સંગ શિક્ષણ પરીક્ષાના પ્રશ્નપત્રો ઈન્ટરનેટના માધ્યમથી પરદેશના કેન્દ્રો પર મોકલી શકાય છે. (૬) સ્વામીશ્રી જે કેન્દ્રમાં કે શહેરમાં બિરાજતા હોય તે શહેરના સ્વામીશ્રીના કાર્યક્રમો વગેરે ઈન્ટરનેટ પર પરદેશમાં વસતા હરિભક્તો નિહાળી શકે છે. (દૃષ્ટાંતો) (૭) આ ઉપરાંત જુદા જુદા ઉત્સવ - સમૈયા, સદ્‌ગુરુ સંતોનાં પ્રવચનો, સ્વામીશ્રીનાં આશીર્વાદ વગેરેની કેસેટો તેમજ સીડી ઉપલબ્ધ હોય છે. આ કેસેટો એ પણ વિજ્ઞાનની જ શોધ છે. (૮) આમ અધ્યાત્મ અને વિજ્ઞાનના સુભગ સમન્વયથી દેશ અને પરદેશના હરિભક્તો એકબીજાથી પરિચિત થાય છે. સાથે સાથે સત્સંગનો વિકાસ ઝડપથી થાય છે અને દરેક હરિભક્તને પોતે સંસ્થા સાથે, સ્વામીશ્રી સાથે જોડાયેલા છે તેવી અનુભૂતિ થાય છે - ઉપસંહાર.

૨. **પારિવારિક એકતામાં સત્સંગનું યોગદાન :** (૧) પાશ્ચાત્ય સંસ્કૃતિની અસર - પારિવારિક એકતા પર. (૨) પહેલાના સમયમાં પરિવારના તમામ સભ્યો સાથે બેસીને જમતા - ભજનભક્તિ કરતા - રાત્રે શાસ્ત્રોની વાતો થતી, વિચારોની આપ લે થતી - કુટુંબના મોવડીની આજ્ઞામાં સૌ રહેતા. (૩) પરિવર્તનનો યુગ આવ્યો - માતા-પિતાને સંતાનો સાથે, પતિ-પત્ની વચ્ચે મતભેદ (પ્રસંગો) એક જ ઘરમાં રહેતા હોવા છતાં દરેકનાં મન જુદાં (પ્રસંગો) - ટી.વી. અને અન્ય ઉપકરણો દ્વારા આ મતભેદોમાં ઉમેરો - જેના કારણે મતભેદોનું મનભેદમાં પરિણમવું - દરેક સભ્ય પોતાનો જ વિચાર કરે - પોતાની જ અનુકૂળતા પ્રમાણે વિચારે, વર્તે - generation gap વધવા લાગ્યો (પ્રસંગો) (૪) પારિવારિક એકતા તૂટવા લાગી - કુટુંબો છિન્નભિન્ન સંયુક્ત કુટુંબોમાં માતા-પિતા કોઈ દરકાર જ લેનાર નહિ - સ્વામીશ્રી આગળ તેના નિરાકરણ માટે પત્રોની હારમાળા કુટુંબોના સભ્યોના પ્રશ્નોની સ્વામીશ્રી આગળ રજૂઆત - સ્વામીશ્રી દ્વારા સમાધાનના પ્રયાસો - પ્રશ્નોની, પત્રોની વણઝારના ઉત્તરો માટે સ્વામીશ્રીનો અભિગમ ખૂબ સુંદર પરિવારના સભ્યોને એકસૂત્રે રાખવા માટે સ્વામીશ્રી દ્વારા ઘરસભાની આજ્ઞા - આખું અઠવાડિયું સાથે ન બેસી શકાય તો અઠવાડિયામાં ઘરના તમામ સભ્યો સભા કરે - એકબીજાના પ્રશ્નોની મુશ્કેલીઓની ચર્ચા કરે. (૫) પારિવારિક એકતા માટે - ઘરનાં સભ્યોને એકબીજાની નજીક લાવવા માટે સત્સંગનું યોગદાન અનેરું - ઘરના દરેક સભ્યોને એક જ ગુરુ, એક જ ઈષ્ટદેવને રાજી કરવાનું તાન - દરેક હરિભક્તોને સ્વામીશ્રીની પ્રસન્નતા પ્રાપ્ત કરવાનું ધ્યેય - સૌનું ધ્યેય એક જ - તેથી સત્સંગના કારણે, સંત સમાગમના કારણે એકતા જળવાઈ રહે. (પ્રસંગો) (૬) જેમ જેમ સત્સંગનો મહિમા સમજાતો જાય તેમ ઘરનાં તમામ સભ્યો એકબીજા નજીક આવતા જાય, હેત વધે અને મતભેદોનું સુખદ સમાધાનમાં પરિણામ - જતું કરવાની, ઘસાવાની ભાવનાનો વિકાસ થાય અને પરિવારમાં એકતા આવે. (૭) આમ પારિવારિક એકતા માટે સત્સંગનું યોગદાન ખૂબ જ મહત્ત્વનું છે - ઉપસંહાર.

૩. **આત્મા અને પુનર્જન્મ : વિશ્વના મહાનુભાવોની દૃષ્ટિએ :** (૧) હિંદુ સંસ્કૃતિની માન્યતાઓમાંની એક માન્યતા પુર્નજન્મ વિષેની છે. પશ્ચિમના ચિંતકો પુર્નજન્મની માન્યતામાં માનતા ન હતા પણ હવે આ માન્યતાઓનો સ્વીકાર કરતા થયા છે. (૨) ભારતમાં તો અનેક ચિંતકો અને આપણાં શાસ્ત્રો પુર્નજન્મ વગેરેમાં માને જ છે અને તેથી જ એવો ભય રહે છે કે પાપ કરશું તો આવતા જન્મમાં ભોગવવું પડશે. આ માન્યતા એ માન્યતા જ નથી પણ સનાતન સત્ય છે. દરેક મનુષ્યને તેના કર્મ અનુસાર પુર્નજન્મ પ્રાપ્ત થાય છે. (૩) વિશ્વના અનેક વિચારકો પણ પુર્નજન્મ વિષે માન્યતા ધરાવતા હોવાથી તેમની દૃષ્ટિએ પુર્નજન્મ અને આત્મા વિષે તેમની માન્યતાઓ જોઈએ.

'જેમ વર્તમાન જીવનમાં આપણે હજારો સ્વપ્નાંઓમાંથી નીકળવું પડે છે, તેમ આ જીવન પણ હજારો જીવનમાંનું એક છે, જેમાં એક વધુ વાસ્તવિક જીવનમાંથી થયેલો આપણો એક પ્રવેશ છે. વળી, મૃત્યુ પછી પણ ફરી એ જ જીવનમાં પ્રવેશી જઈશું. આ પ્રક્રિયા અવિરત ચાલુ રહે છે, અંતિમ સુધી.' - **કાઉન્ટ લિયો ટોલસ્ટોય**

'ચાલો, આપણે પુર્નજન્મના સિદ્ધાંત ઉપર પાછા આવીએ. કારણ કે આથી વધુ સુંદર, ન્યાયી, શુદ્ધ, વધુ નૈતિક, ફળદાયક અને આશ્વાસનદાયક કોઈ ધાર્મિક માન્યતા નથી.' - **મૌરિસ મેઇટરલિંક**

'પુર્નજન્મનો આ સિદ્ધાંત મેં ૨૬ વર્ષની ઉંમરે અપનાવ્યો. મને થતું હતું કે આપણી કર્મ કુશળતા મૃત્યુ પછી કામ ન આવે તો તે નિરર્થક બની જાય છે. જ્યારે પુર્નજન્મનો સિદ્ધાંત સાંપડ્યો ત્યારે મને એમ લાગ્યું જાણે કે એક સર્વદેશીય યોજના મળી છે.' - **હેનરી ફોર્ડ**

'મૃત્યુ પછીના જે અસ્તિત્વની હું કલ્પના કરી શકું છું. તે નવા પાર્થિવ ચક્રનો પુનઃ પ્રારંભ છે.' - **થોમસ આલ્વા**

'જ્યારે હું ભગવાનના કોઈ પણ કાર્યનો સંપૂર્ણ નાશ થતો જોતો નથી, પાણીનું ટીપુંય ફાજલ જતું નથી, તો આત્માના વિનાશનો તો વિચાર ન જ કરી શકું.' - **બેન્જામિન ફ્રેન્કલીન**

'મને પૂર્ણ વિશ્વાસ છે કે ખરેખર પુર્નજન્મ જેવી કોઈ વસ્તુ છે. મરણ પામેલાઓનો ફરી જન્મ થાય છે, અને મરણ પામેલાનો આત્મા હંમેશા અસ્તિત્વ ધરાવે છે. મૃત્યુ સ્વપ્નવિહીન નિદ્રા છે અને પુનર્જન્મનું દ્વાર છે.' - **સોક્રેટીસ**

'હું સમયની સાથે પાછો આવીશ, ભલે મૃત્યુ મને સંતાડે કે આ મહાન મૌન મને આવરી લે, હું મારે વિશે તમારી સમજણ ખોળવા ફરી આવીશ.' - **ખલિલ જીબ્રાન**

'જો માનવી એમ જાણે કે વર્તમાન જીવનમાં કોઈ જાતનો અપરાધ કર્યા વગર પણ મારે જે કાંઈ દુઃખ વેઠવું પડે છે એ મારાં પૂર્વજન્મનાં કર્મનું જ ફળ છે, તો એ જૂનું દેવું ચૂકવતા માણસની જેમ શાંતિથી સંકટ સહન કરી શકશે.' - **ફ્રેડરિક મેક્સમૂલર**

'આત્માના સ્થળાતંરનો-પુર્નજન્મનો વિચાર અનિવાર્ય છે; કારણ કે આ કોઈ કવિની ફક્ત કલ્પના નથી, પરંતુ સમગ્ર લોકજાતિની અંતઃસ્ફુરણા છે.' - **હેનરી ડેવિડ થોરો** -

'આપણને પૂર્વજન્મની સ્મૃતિ થતી નથી એ ભગવાનની દયા છે. આપણે જે અસંખ્ય જન્મો લીધા છે તે પૂર્વજન્મ વિશે વિગતવાર જાણવાથી શું લાભ થવાનો છે ? જો આપણે આ સ્મૃતિઓનો ભયંકર બોજો ઉઠાવતા હોત તો આપણું જીવન ભાર રૂપ બની જાત.' - **મહાત્મા ગાંધીજી**

'પુર્નજન્મ એક એવું સત્ય છે કે જનો અગણિત સદીઓથી લોકોના માનસ ઉપર પ્રભાવ છે.' - **એની બેસેન્ટ**

'પરિવર્તનનો ગર્ભિત અર્થ મૃત્યુ છે, તો મૃત્યુની સાથે સાથે સંકળાયેલી છે એક નવા જીવનની શરૂઆત. આ એક એવો મહાન ખ્યાલ છે, જે પૂર્વના ચિંતકો પાસે હતો, અને કદાચ તેમના અધ્યાત્મ-શાસ્ત્રોમાં ઉચ્ચતમ કક્ષા ધરાવતો હતો.' - **જી.ડબલ્યુ.એફ. હેગલ**

'હું આત્મા છું. મને પ્રતિતિ છે કે (મૃત્યુ પછી) કબરને હું જે આપીશ, તે હું નહિ હોઉં. જે હું છું, એ બીજે ક્યાંક જશે. પ્રત્યેક મૃત્યુએ આપણે વધુ જીવન મેળવીએ છીએ.' - **વિક્ટર હ્યુગો**

'પુર્નજન્મ માનવજાતના સહુથી પ્રાચીન અને ઉચ્ચતમ યુગોમાંથી પાંગરેલો અને સમગ્ર પૃથ્વી ઉપર પ્રસરેલો સિદ્ધાંત છે. જે વ્યક્તિઓ આપણી સાથે પ્રગાઢ સંબંધો ધરાવે છે, તેઓ બીજા જન્મમાં આપણી સાથે જન્મશે, અને તેવાં જ અથવા તેથી વિરુદ્ધનાં સંબંધો અને ભાવનાઓ ધરાવશે જેવાં હમણાં છે.' - **આર્થર શોપનહૉવર**

'મને સોંપવામાં આવેલું કામ મેં પૂરું કર્યું ન હતું, તેથી મારે ફરીથી આ જન્મ લેવો પડ્યો છે.' - **કાર્લ જી. યંગ**

❑ ❑ ❑